ડૉ. દીપકકુમાર પી. જોષી
એમ.એન.કૉલેજ, વિસનગર

## નાટ્યના આદ્ય પ્રવર્તક નટરાજ શિવ

આધ્યાત્મિક જગતમાં ભગવાન શિવનો અલૌકિક મહિમા સર્વત્ર વ્યાપેલો છે. એ તો સર્વ વિદિત છે. પરંતુ સાહિત્યિક જગતમાં પણ તેમનો તેનાથી પણ વધારે પ્રભાવ જોવા મળે છે. ભરતના ‘નાટ્યશાસ્ત્ર’માં આ વિષયનું ખૂબજ રોચકતાથી વર્ણન કરવામાં આવ્યું છે.

ભરતમુનીએ નાટ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે, મનુના વૈવસ્વત મન્વન્તરમાં ત્રેતાયુગનો આરંભ થતાં, લોકોમાં ઘણું પરીવર્તન આવ્યું. તેઓમાં કામ, ક્રોધ, લોભ ,ઈર્ષા વગેરે ભાવો વધવા લાગ્યા. ગ્રામ્યધર્મમાં લોકો પ્રવૃત્ત થતાં. દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, વગેરે દુ:ખી થતાં, ઇન્દ્ર વગેરે દેવો બ્રહ્મા પાસે જઇ પોતાના દુખની વાત કરી કહ્યું – ‘અમે એવું ક્રીડાનું સાધન ઇચ્છીએ છીએ કે, જે જોવાલાયક તથા સાંભળવા લાયક હોય.’[૧] બ્રહ્માજીએ દેવતાઓની પ્રાર્થનાનો સ્વીકાર કરીને ચારે વેદોમાંથી એક – એક તત્ત્વ લઈને તે ચાર તત્ત્વોથી ‘નાટ્યવેદ’નું નિર્માણ કર્યું.

जग्राह पाठ्यमृग्वेदात् सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभनियान् रसानाथर्वणादपि॥

બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય તથા અથર્વવેદમાંથી રસોને લઈને ચારેય તત્ત્વોથી યુક્ત ‘નાટ્યવેદ’ની રચના કરી.[૨] શાસ્ત્રની રચના પછી તેના અભિનય માટે બ્રહ્માએ ભરતમુનિને આદેશ

કર્યો. મહેન્દ્રધ્વજપુજન પ્રસંગે 'અમૃત મંથન' અને 'ત્રિપુરદાહ' નો પ્રયોગ થયો. તેમાં દ્રષ્ટાના રૂપમાં ભગવાન શિવ સ્વયં પોતાના ગણોની સાથે હાજર હતા. ભગવાન શિવે પ્રયોગ જોયો, પ્રયોગ જોઈ અત્યંત પ્રસન્ન થયા અને તેમણે પિતામહને કહ્યું – નાટકનો પ્રયોગ તો યથાર્થ થયો, પરંતુ તેમાં રોચકતા ઓછી છે. કારણ કે તેમાં નૃત્યનો ક્યાંય ઉપયોગ કરવામાં આવ્યો નથી. નૃત્યના અભાવને પૂરો કરવાનો ઉપાય શિવે બતાવ્યો.

मयापीदं स्मृतं नृत्यं संध्याकालेषु नृत्यता ।
नानाकरणसंयुक्तैरङ्गहारैर्वभिूषतिम् ।
पूर्वरङ्गवधिावस्मनि् त्वया सम्यक् प्रयोज्यताम् ॥[३]

સંધ્યાકાળમાં નૃત્ય કરતા સમયે મે જુદા જુદા કરણોથી સંયુક્ત અઙ્ગહારોથી સુશોભિત નૃત્ય કર્યું છે. તેનો સંયોગ પૂર્વરંગમાં કરો, જેનાથી આ શુદ્ધ પૂર્વરંગ , આ નૃત્યાદિ ઉપકરણોથી સમન્વિત થઈને 'ચિત્ર' શબ્દના દ્વારા ઓળખાશે.[૪]

આમ શરૂઆતમાં ઘણા પ્રયત્નો કરવા છતાં આ નાટ્ય પ્રયોગ સફળ થયો નહીં. કારણ કે તેમાં કૈશિકી વૃત્તિનો સર્વથા અભાવ હતો. ઉલ્લેખ છે કે નટરાજ શિવને આ રહસ્યની પહેલેથી ખબર જ હતી. માટે પોતાના અભિનયને પ્રભાવશાળી બનાવવા અને કૈશિકીવૃત્તિના સફળ પ્રયોગ માટે ભગવતી પાર્વતીની સહાયતા લીધી હતી.

'रुद्रेणेदमुमाकृतव्यतकिरे स्वाङ्गे वभिक्तं द्वधिा' [५]

અર્થાત્ આકર્ષક અભિનય માટે ભગવાન શિવે નાટયના બે ભાગ કરી દીધા. – તાણ્ડવ અને લાસ્ય. તાણ્ડવતો શિવનું નૃત્ય છે.- ઉધ્ધત્ત તથા આકર્ષક. લાસ્ય પાર્વતીનું નૃત્ય છે.-સુકુમાર તથા મનોહર. શિવ નટરાજના રૂપમાં

'તાણ્ડવ'માં અપ્રતિમ જ હતા. પાર્વતીને લાસ્યનો ભાર સોંપીને તેમણે 'કૈશિકી 'ની અનુપમ યોજના પણ કરી દીધી. પછી તો કઠોર અને કોમળતાના સફળ સન્નિવેશથી ઉત્કૃષ્ઠ અભિનય થવાનો જ હતો. આ રસમય પ્રયોગને જોઈને નાટ્યચાર્ય ભરતમુનિને અલૌકિક આનંદાનુભૂતિ થઈ હતી.

આમ નાટકમાં સુંદર વેશભૂષાવાળી, નૃત્ય અને અંગહારવાળી તથા રસ અને ભાવયુક્ત ક્રિયાવાળી કૈશિકીવૃત્તિ ભગવાન શિવ દ્વારા જ ઉત્પન્ન થઈ છે [૬] તેના વિના નાટ્ય અધૂરું હતું. આ વૃત્તિના સમાયોજનથી નાટક સફળતાપૂર્વક અભિનીત થવા લાગ્યું. આનાથી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન શિવ જ નાટ્ય પરંપરાના આદિ પ્રવર્તક છે.

આદ્ય નર્તક તથા અભિનય કર્તાના રૂપમાં નટરાજનું ખૂબજ સુંદર વર્ણન સંસ્કૃત ગ્રંથોમાં જોવા મળે છે. ભગવાન શિવનો અભિનય (તાણ્ડવ) જેટલો ભયંકર છે, તેટલો જ પરમ કલ્યાણકારી પણ છે. તે 'શિવ' અર્થાત્ કલ્યાણ સ્વરૂપ છે, તેથી બીજાનું અહિત કેવી રીતે કરી શકે તેથી જ તો ભગવાન શિવ આનંદમાં આવીને જ્યારે તાણ્ડવ કરે છે ત્યારે પોતાના ચરણોના સ્વછંદ વિક્ષેપથી પૃથ્વીને બચાવે છે. ગ્રહમંડલ ક્ષતિગ્રસ્ત ના થાય એ માટે ધ્યાન રાખીને પોતાની ભુજાઓ સમેટે છે તથા બધા જ પદાર્થો ભસ્મ ન થઈ જાય, તે માટે ત્રિનેત્રને એક જ સ્થાન પર કેન્દ્રિત કરતાં નથી. ખરેખર, તો તે અભિનયના આધારો –રંગપીઠ (પૃથિવી), રંગમણ્ડપ (અન્તરિક્ષ), રંગસ્થસમાજ (ચરાચર જીવ-સમુદાય) ની રક્ષા અને અભ્યુદય માટે તાણ્ડવથી ઉત્પન્ન થતું કષ્ટ જીલે છે.

पादस्यावर्भिवन्तीमवनतमिवने रक्षत: स्वैरपातै:
संकोचेनैव दोष्णां मुहुरभनियत: सर्वलोकातगानाम् ।
दृष्टं लिक्ष्येषु नोग्रां ज्वलनकणमुचं बध्नतो दाहभीते-
रत्याधारानुरोधात् तरपुरवजियनि:पातु वो दु:खनृत्यम् ॥[७]

ખરેખર, શિવનું પ્રેક્ષાગૃહ જ એવું વિલક્ષણ છે કે જ્યાં જવાથી કોઈ પણ પ્રકારનો શોક-સંતાપ રહેતો નથી. સાચું એ છે કે ભગવાન શિવ રંગમંચ પર પહોંચતાં જ આનંદમય વાતાવરણ થઈ જવાથી બધા જ વિઘ્નો સ્વયં દૂર થઈ જાય છે.

ભગવાન શિવ નાટ્ય પરંપરાના આદિ પ્રવર્તક છે, એટલા માટે નાટ્ય-મંડપમાં સૌથી પહેલાં ભૂતગણોની સાથે તેમની સ્થાપનાનું વિધાન છે.

आदौ नविश्यो भगवान् सार्धं भूतगणै: शवि: ।८

નાટકમાં અલૌકિક સરસતા, સાર્વભૌમ આકર્ષણ તથા મનોરંજનનું મુખ્ય કારણ નટરાજ શિવ દ્વારા પ્રદર્શિત નૃત્યોનું જ છે. શુદ્ધ અભિનયને ચિત્ર અભિનયમાં પરિવર્તિત કરવાનો શ્રેય એમને જ પ્રાપ્ત થાય છે.

નાટ્યમાં નૃત્ય અને નૃત્ત જોડાયેલા છે. - એના વગર રંગમંચ સંપૂર્ણ રીતે સુશોભિત થતું નથી. માટે જ મહિમભટ્ટે કહ્યું છે. 'नाट्यं गीतादरिञ्जतिम् ' નાટકમાં ગીત, વાદ્ય અને અભિનય વગર ચાલે નહીં. આપણે જાણીએ છીએ કે ભગવાન શિવ સંગીત – ગીત, વાદ્ય અને નૃત્યના પણ આદિ અને અદ્વિતીય વિદ્વાનના રૂપમાં સુપ્રતિષ્ઠિત છે. 'નૃત્ત' તો પાર્વતીની કૃપાથી મળેલ છે. જેનાથી નાટ્યકલા સાચા અર્થમાં સુશોભિત થઈ શકી છે. માટે જ ધનંજય કહે છે –

लास्यताण्डवरुपेण नाटकाद्युपकारकम् । ९

આથી જ ભગવાન શિવ આઙ્ગિક, વાચિક, આહાર્ય અને સાત્વિક અભિનયોની સાથે સાથે ગાયન, વાદન, નર્તન આદિ બધી જ વિદ્યાઓના પ્રણેતા ભગવાન શિવ છે. માટે જ તેમને 'वद्यिातर्थिं महेश्वरम्' કહેવામાં આવે છે. સાહિત્ય જગતને નટરાજની આ દેન હમેશાં યાદ રહેશે.

## સંદર્ભ સૂચિ :-


(૧) નાટ્યશાસ્ત્ર –૧, ૮-૧૧

(૨) નાટ્યશાસ્ત્ર –૧, ૧૭

(૩) નાટ્યશાસ્ત્ર –૪, ૧૩

(૪) यश्चायं पूर्वरङ्गस्तु त्वया शुध्धा :प्रयोजति :
एतद्वमिश्रितिश्चायं चत्रिो नाम भवष्यितत॥
(नाट्यशास्त्र,४-१५)

(૫) માલવિકાગ્નિમિત્રમ્ – ૧, ૪ પૂર્વાર્ધ

(૬) दृष्टा मया भगवतो नीलकण्ठस्य नृत्यत। :
कैशकिी श्लक्ष्णनैपथ्या शृङ्गाररससम्भवा ॥ (नाट्यशास्त्र १-४५)

(૭) મુદ્રારાક્ષસ -૧, ૨

(૮) નાટ્યશાસ્ત્ર –૩, ૨૩ ઉત્તરાર્ધ

(૯) દશરૂપક – ૧, ૧૦